# હૃદયસ્થ હરનીશભાઈ જાની



2003માં રતીલાલ ચંદરયાએ, પોતાના નીવાસ ‘સુધાકર’માં હરનીશભાઈનો હાસ્ય વાર્તાલાપ ગોઠવેલો. મુમ્બઈના સૌ ગુજરાતી સર્જકોને નીમંત્રેલા. મધુ રાય તો મુમ્બઈ હતા જ. સુરતથી અમ બન્નેનેયે આગ્રહથી તેડાવેલા.. ત્યારની પ્રસન્નતાભરી પળોની બે તસ્વીરો.

તસ્વીરકાર : રતીકાકાના ખાસ મીત્ર ધીરજ ચાવડા..

*..ઉત્તમ.મધુ ગજ્જર..* .સુરત.

## દુ:ખદ અવસાન :

‘ગુજરાતીલેક્સિકન’ના સંવર્ધનના કામમાં હૃદયસ્થ રતીલાલ ચંદરયા સાથે અને 2005થી શરુ થયેલી સુવાચન સામગ્રી ધરાવતી ‘સન્ડે ઈ.મહેફીલ’ના સમ્પાદનના કામ સાથે, સ્નેહથી સંકળાયેલા અમારા હેતાળ સાથી હરનીશ જાનીનું, તા. 20-08-2018ના દીવસે ન્યુ જર્સી, અમેરીકા ખાતે લાંબી માંદગી બાદ અવસાન થયું છે. વાચકોને હરનીશભાઈનો પરીચય છે જ. ‘સ.મ.’માં એમની ડઝન જેટલી રચનાઓ મુકાઈ છે. એટલું જ નહીં; 2006 અને 2011માં અમારા અમેરીકાના પ્રવાસ દરમ્યાન, વીદેશસ્થીત ગુજરાતી સર્જકોની રચનાપ્રસ્તુતીના ‘અતીથી સમ્પાદક’ તરીકેની ‘સ.મ.’ની કામગીરી તેમણે સંભાળેલી. અમેરીકાના જ નહીં; ગુજરાતી હાસ્યસાહીત્યના સમર્થ સર્જક તેઓ હતા અને રહેશે.

પહેલાં રતીલાલ ચંદરયા પછી, 11 માર્ચ, 2018 બળવંતભાઈ પટેલ અને હવે હરનીશભાઈ વીદાય થયા..

‘ગુજરાતીલેક્સિકન’ અને અમે, ‘સ.મ.’ના સમ્પાદકો, એમને ભાવભરી વીદાય આપી, એમનાં પત્ની હંસાબહેન, દીકરી આશીની અને શીવાની તથા પુત્ર સંદીપ સહીત એમના પુરા પરીવારને દુ:ખી હૃદયે સાંત્વના અર્પીએ છીએ..

**:સમ્પાદકો:**


Late- RatilalChandaria,

Late- Balvant Patel,

Uttam Gajjar, e-mail: uttamgajjar@gmail.com

Ashok Karania, e-mail: ashok@gujaratilexicon.com

Maitri Shah, e-mail: maitri@gujaratilexicon.com

Sunil Shah, e-mail: sunilshah101@gmail.com


21-08-2018

અને હવે નીચે વાંચો 'શીક્ષકદીવસ નીમીત્તે 'ફાજલભાઈ'ને..



અને હવે નીચે વાંચો 'શીક્ષકદીવસ નીમીત્તે 'ફાજલભાઈ'ને..

‘શીક્ષકદીન નીમીત્તે’

# સાચાહાડના શીક્ષક : ફાજલભાઈ

–મનસુખ સલ્લા

ફાજલભાઈનો નીકટ પરીચય હું આંબલા લોકશાળામાં શીક્ષક તરીકે દોઢ વરસ રહ્યો ત્યારે થયો. ત્યારે તેઓ ગ્રામદક્ષીણામુર્તી આંબલાની પ્રાથમીક શાળાના આચાર્ય હતા. એમનો પહેરવેશ એકધારો – ખાદીનાં સફેદ લેંઘો–કફની. એમની ચાલ એકધારી – શાંત અને દૃઢ. એમની કામગીરી એકધારી – શાળામાં એટલા ખુંપી જવું કે ઘર–પરીવાર ભુલાઈ જાય. એમની દૃષ્ટી એકધારી – વડીલો પાસેથી શીખતા રહેવું અને પોતાની દૃષ્ટીએ એને શાળામાં યોજતાં રહેવું. એમની ભાવના એકધારી – શાળામાં આવતાં બાળકો(સધ્ધર કે સાધારણ, ઉજળીયાત કે અસ્પૃશ્ય)ને સમાન પ્રેમ આપવો, સમાન કાળજી લેવી. એમનો સંતોષ એકધારો – પોતે કાંઈ બહુ જ્ઞાની નહીં; પણ સમજણ પાકી. એ મુજબ કાર્ય કરવું. કામની મોટાઈ રાખવી નહીં. સૌ સાથે મીઠપથી વર્તવું. ટુંકા પગારમાં પણ તૃપ્તીનો ઓડકાર ખાતાં રહેવું.

હું લોકભારતીમાં અધ્યાપક બન્યો. ફાજલભાઈનો પરીચય વધતો ગયો, તેમતેમ ઉપરનાં ગુણલક્ષણોનો વધુ ને વધુ પરીચય થતો ગયો. મને જીજ્ઞાસા પણ ખરી કે પ્રાથમીક શાળાના એક શીક્ષકમાં આ બધું આવ્યું કેવી રીતે? એટલે એમનાં મુળીયાંને પોષણ આપતાં તત્ત્વોમાં રસ પડ્યો. જન્મ તા. 29-04-1937. પાંચ વરસની વયે માતૃત્વ છીનવાયું. પણ કુટમ્બ પ્રેમસભર. દાદા સાલેહભાઈ ચોકીદાર – પ્રામાણીક અને પરગજુ. એમનો સ્નેહ ફાજલભાઈને મળ્યો. પીતા વલીભાઈ ચૌહાણ સમઢીયાળા(મુલાણીના)માં શીક્ષક હતા. જુના જમાનાના; પણ વીષયમાં તૈયાર, વીદ્યાર્થી વત્સલ. આર્થીક સ્થીતી સાધારણ. પગાર તો તે કાળે કહેવા પુરતો. પીતાના મનમાં ભણતરની કીમત ઉંચી. બન્ને દીકરાને ભણાવ્યા. સાચી રીતે ઘડાય માટે લોકભારતીની પીટીસીમાં ભણવા મોકલ્યા.

લોકભારતીના ગુરુજનો અને વાતાવરણે ફાજલભાઈના ડીએનએમાં જ કેટલુંક દાખલ કરી દીધું. વીદ્યાર્થીઓ સાથે સહજ સમ્બન્ધ, નવા નવા પ્રયોગો કરવા, વીષયશીક્ષણ જેટલું જ મહત્ત્વ ઈતર તમામ પ્રવૃત્તીઓને આપવું અને ગામ સાથે ગાઢ સમ્બન્ધ રાખવો. આ બધું જાળવવું હોય તો જ્યાં રહેતા હોઈએ તેને જ વતન ગણીને રહેવું. આ બધું મનમાં એવું બેઠું કે આંબલા ગામ તેમનું વતન બની ગયું. 1955થી 1995 સુધી આંબલા પ્રાથમીક શાળામાં કામ કર્યું.

આંબલા પ્રાથમીક શાળા એ કાળે જીલ્લા પંચાયત દ્વારા ગ્રામદક્ષીણામુર્તી સંસ્થાને સોંપાયેલી પ્રયોગશીલ શાળા હતી. માર્ગદર્શક હતા અનીલભાઈ ભટ્ટ – આંતરસુઝવાળા પ્રયોગશીલ કેળવણીકાર. અનીલભાઈને વીચાર આવે તેને ફાજલભાઈ ભોંય પર ઉતારે. છગનભાઈ, પ્રેમજીભાઈ સૌ સાથે હોય. દેશમાં નઈતાલીમ શાળાના પ્રવેશદ્વારનાં બૉર્ડમાં સંકોડાઈ ગઈ હતી ત્યારે એ આંબલામાં સોળે કળાએ ખીલેલી હતી. શીક્ષક–વીદ્યાર્થીના આત્મીય સમ્બન્ધમાંથી જન્મેલું મોકળાશભર્યું સ્વતંત્ર વાતાવરણ આંબલામાં મહોર્યું હતું. દેશમાં નઈતાલીમની ગતી–સ્થીતીથી વ્યથીત ઉપરાષ્ટ્રપતી ડૉ. ઝાકીરહુસેને આંબલાનું કામ જોયું, મનુભાઈ પંચોલી અને અનીલભાઈની સાથે વાતો કરતાં પુછ્યું કે, 'અહીં આચાર્ય કોણ છે?' ફાજલભાઈના ફળીયામાં વૃક્ષ નીચે કાથીના ખાટલામાં પાથરેલ ગોદડા પર બેસીને ઝાકીરહુસેનજી ફાજલભાઈનાં પત્ની જેનુબહેનના હાથના રોટલા, દહીં, પાપડ અને કચુમ્બર ખાતા હતા. ફાજલભાઈ મહેમાનની સરભરામાં હતા. મનુભાઈએ ઓળખાણ કરાવી – 'આ અમારા ફાજલભાઈ. અહીંનું બધું જુએ છે.' ઝાકીરહુસેનજી પ્રસન્ન થયા, 'નઈતાલીમ અહીં જીવે છે' એવું પ્રમાણપત્ર આપ્યું. ફાજલભાઈ આમેય, પડદા પાછળના જીવ. એટલું માંડ બોલ્યા કે, 'બનતા હૈ ઉતના કરતા હું.'

ફાજલભાઈ, ભાઈઓ અને પરીવારને ભણાવવામાં સતત ખેંચમાં રહ્યા; પરન્તુ તમામને તેમના જોગ અનુકુળતા કરી આપતા. તો ગામના, આર્થીક રીતે પોસાણવાળા નહીં એવા વીદ્યાર્થીનું ભણતર અટકે નહીં તે માટે આગળી ચીંધવાનું પુણ્ય લેતા રહ્યા. ગામ લોકોને વીશ્વાસ તો એવો હતો કે કોઈના કુટુમ્બમાં વાંકું પડે તો ફાજલભાઈને બોલાવે. ફાજલભાઈ કોઠાસુઝવાળા. ખાનગી ખુણે બે વેણ કહી પણ શકે. સૌનું સન્માન જળવાય એવો રસ્તો ચીંધે. સરખું થાય એટલે પોતે ખસી જાય. પોતે ભલા અને પોતાની શાળા ભલી.

આંબલાના કામે તેમને ભરપુર તૃપ્તી આપી. ગામ પણ તેમનાં દીકરા–દીકરીનાં લગ્નમાં પોતાનાં ગણી પડખે રહ્યું. પરન્તુ નીવૃત્તી વખતે કાંઈ ઝાઝી બચત નહીં. સંસ્થાનું મકાન છોડવાનું હતું. જેનુબહેને એમનો સંસાર સહજ–સરળ વહેવા દીધો હતો. નીવૃત્તી પછી પોતાને માટે પડતર જગ્યામાં ઝુંપડી જેવું મકાન બનાવી રહ્યા, એ પણ એટલું જ સાહજીક. એમાં માંદગી ખબર લઈ ગઈ. આ બધા વચ્ચે ઉપયોગી થવાય ત્યાં થતા રહ્યા. ફાજલભાઈ કદી 'ફાજલ' બેસે નહીં.

2000ની સાલમાં મેહુરભાઈ લવતુકાને વળાવડ(શીહોર નજીક)માં કન્યાવીદ્યાલય ખોલવાનું મન થયું. બહેનોની નીવાસીશાળા ચલાવવી એ લોઢાના ચણા ચાવવા જેવું. લોકોની નજર સાંકડી. કાંઈક બને તો હજાર ગણું મોટું થઈને વગોવણી થાય. મેહુરભાઈનું ધ્યાન ફાજલભાઈ ઉપર. તેણે શરત કરી કે, 'તમે પલાંઠી વાળીને બેસો, બાકીની બધી જવાબદારી મારી.' આજે પંદર વરસમાં

વળાવડનું કન્યાવીદ્યાલય અનેક દૃષ્ટીએ કેવળ તાલુકાનું જ નહીં; જીલ્લાના મહત્ત્વનાં કન્યાવીદ્યાલયની પ્રતીષ્ઠા પામ્યું છે. આચાર્ય અમીનભાઈ ચૌહાણ આંબલા–લોકભારતીના અને ફાજલભાઈના કેળવણી સંસ્કાર પામેલા છે.

ફાજલભાઈ પાસે જીન્દગીની અનુભવની મુડી છે, મેહુરભાઈનો સાથ છે. તેમણે વૃક્ષો ઉછેર્યાં, ગૌશાળામાં વાછરડાં ઉછેર્યાં તેમ એ કન્યાઓની ભાવનાને પોષણ આપીને ઉછેરી છે. હવે તો એ ‘ફાજલદાદા’ તરીકે ઓળખાય છે. વીદ્યાલયની 300 જેટલી દીકરીઓને તેમનામાં ‘દાદા’નો અનુભવ થાય છે. એ દીકરીઓ આત્મવીશ્વાસ, નરવી સમજ અને સ્વાવલમ્બનના સંસ્કાર લઈને જાય છે.

વારસો શીક્ષણનો હોય એવું અનેકમાં હોય છે; પરન્તુ એનો વીકાસ કરવો એ પોતીકો પુરુષાર્થ છે, તપ છે. ફાજલભાઈએ મોટાઈના ભાર વીના મોટાં કામો કર્યાં છે, કરતા રહે છે. આઠ દાયકાની લાંબી જીવનયાત્રામાં માતૃસંસ્થા લોકભારતીએ ‘ઉત્તમ ભુતપુર્વ વીદ્યાર્થી’ તરીકે તેમનું ગૌરવ કર્યું છે; તો ‘અખીલ ગુજરાત સીપાહી સંસ્થા’ના પ્રમુખ તરીકે અને ભાવનગર જીલ્લા ‘પેન્શનમંડળ’ના અગ્રણી તરીકે તેમનું સન્માન થયેલું છે. પરન્તુ ફાજલભાઈને તો પોતાનું ‘કામઢાપણું’ જ સન્માન છે. હવે શરીરને થોડી અસરો આવી છે; પણ મન હજી સ્ફુર્તીભર્યું છે. અનુજોનાં નવાં આયોજનોમાં એમની ‘હા’ આશીર્વાદ જેવી બની જાય છે.

ફાજલભાઈને પુછવામાં આવેલું કે, ‘કુટુમ્બની જવાબદારી, નહીંવત્ બચત, માંદગી, આ બધામાંથી તમે કેવી રીતે પાર ઉતર્યા? એમનો જવાબ ટુંકો; પણ એમને ઓળખાવે તેવો હતો : ‘ખુદાને ભરોસે નાવ તરતી મુકી હતી. એમણે તરતી રાખી છે.’ એમની આ શ્રદ્ધા ફલવતી બની છે. એટલે એમને ખાધેલું પચે છે, રાતે નીરાન્તની ઉંઘ આવે છે અને સવારે ઉઠે ત્યારે સ્ફુર્તીથી ભરેલા હોય છે.

દરેક શાળાને આવા ફાજલભાઈ મળવા જોઈએ. તો ભારતીય કેળવણીનો ચહેરો બદલાઈ જાય.

**–મનસુખ સલ્લા**

(જાન્યુઆરી 2017ના ‘અખંડઆનન્દ’ માસીકમાંથી લેખકશ્રીની પરવાનગીથી સાભાર...)

આ અંકની નકલ મને પહોંચાડવા બદલ કામરેજના ડૉ. બળદેવ ભક્તનો ખુબ આભાર..

..ઉત્તમ.મધુ..

સર્જક–સમ્પર્ક: મનસુખ સલ્લા
સી–403, સુરેલ એપાર્ટમેન્ટ, દેવાશીષ સ્કુલ સામે, જજીસ બંગલા વીસ્તાર,
અમદાવાદ – 380 015 ફોન : 079-4003 4643 મોબાઈલ : 98240 42453
ઈ–મેલ : mansukhsalla@gmail.com

## ફાજલભાઈનો સમ્પર્ક :

હાજી ફાજલભાઈ ચૌહાણ, કન્યાવીદ્યાલય વળાવડ, તાલુકો : શીહોર, જીલ્લો : ભાવનગર-364240
eMail : afchauhan13@gmail.com Mobile : 9429344898

♦●♦

# ‘આદર્શ શીક્ષક કોને કહેવાય?’

### –વલ્લભ ઈટાલીયા

**જે શીક્ષક આ સાત સવાલોને સમજીને આચરી શકે તે આદર્શ શીક્ષક જરુર બની શકે :**

૧. તમે તમારા વીષયની પુરતી તૈયારી કરી, સજ્જતા સાથે, ક્લાસરુમમાં વીદ્યાર્થીઓ સામે જાઓ છો ખરા?
૨. તમે તમારા વીદ્યાર્થીઓને અવૈજ્ઞાનીક, અતાર્કીક, અન્ધશ્રદ્ધાને પ્રેરે એવી વાતો તો નથી કરતા ને?
૩. તમારા વીદ્યાર્થીઓ, તમને તમારાં પોતાનાં બાળકો જેટલાં વહાલા લાગે છે ખરા?
૪. વર્ગખંડમાં એક પણ મીનીટ ખોટી વેડફાય ત્યારે તમને પસ્તાવો થાય છે ખરો?
૫. તમારો વીદ્યાર્થી નીષ્ફળ જાય ત્યારે, એમાં તમને તમારી પણ નીષ્ફળતા દેખાય છે ખરી?
૬. તમારો વીદ્યાર્થી કોઈ ભુલ કરે તો ઠપકો એને ખાનગીમાં; પણ કોઈ સારું કામ કરે તો તેની પ્રશંસા જાહેરમાં કરો છો ખરા?
૭. તમારા વીદ્યાર્થીઓને પુસ્તકના પાઠોની સાથે, તમે જીવનના પાઠોયે ભણાવો છો ખરા?

♦●♦

(સુરતની માધ્યમીક શાળાના આચાર્ય **શ્રી મનસુખ નારીયા**ની નીવૃત્તી ટાણે, એમના ભુતપુર્વ વીદ્યાર્થીઓએ એમને સન્માનવાનો એક ભવ્ય સમારંભ, સુરતના સરદાર સ્મૃતીભવનમાં તા. 7મી જુલાઈ, 2018ના દીવસે યોજ્યો.

કવી, રેશનાલીસ્ટ, સદા હસમુખા આચાર્ય મનસુખ નારીયાના જીવનની ઝાંખી આપતી એક મનોરમ વીડીયો ડૉક્યુમેન્ટરી ‘સફર’, એમના વીદ્યાર્થીઓએ તૈયાર કરેલી.

તેના વીમોચક સુરતના ચીન્તક, લેખક, વક્તા શ્રી વલ્લભભાઈ ઈટાલીયા (vallabhitaliya@gmail.com)ના પ્રવચનમાંથી સાભાર… ..ઉત્તમ.મધુ..)

♦●♦

‘સન્ડે ઈ.મહેફીલ’ – વર્ષ: ચૌદમું – અંક: 408 –September 09, 2018

‘ઉંઝાજોડણી’માં અક્ષરાંકન: ઉત્તમ ગજ્જર - uttamgajjar@gmail.com

♦●♦


Have you ever visited : http://www.gujaratilexicon.com ?

More than 3,55,06,000 Gujarati Language lovers have visited

http://www.gujaratilexicon.com

More than 1,07,95,000 have visited Digital Bhagwadgomandal

http://www.bhagwadgomandal.com

More than 10,25,000 have visited Lokkosh

http://lokkosh.gujaratilexicon.com

More than 10,89,000 have visited Global-Gujaratilexicon

http://global.gujaratilexicon.com


@@@@@@@@@